મહેસુલ વિભાગમાં ૬૦૦૦ પદો પર બમ્પર ભરતી

મહેસૂલ વિભાગ અંતર્ગત ક્લાર્ક, હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ ભરાશે : સપ્ટેમ્બર મહિનામાં પ્રિલિમનરી પરીક્ષા લેવાઈ શકે છે : નવી પરીક્ષા પદ્ધતિ મુજબ લેવાશે

ગાંધીનગર, તા.૨૩

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે સારા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં ટૂંક સમયમાં ૫૦૦ કે ૧૦૦૦ નહીં પરંતુ ૬૦૦૦ પદો પર બમ્પર ભરતી કરવામાં આવશે. હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ભરતીને લઈને ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે મહત્વની માહિતી આપી છે. તેમણે જણાવ્યું છે કે, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હેડ ક્લાર્ક અને જુનિયર ક્લાર્ક ભરતી કરવામાં આવશે.

હસમુખ પટેલે જણાવ્યું છે કે, મહેસૂલ વિભાગ અંતર્ગત ક્લાર્ક, હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ ભરાશે. આ માટે સપ્ટેમ્બર મહિનામાં પ્રિલિમનરી પરીક્ષા લેવાઈ શકે છે. સૌથી ખાસ વાત એ છે કે આ પરીક્ષા નવી પરીક્ષા પદ્ધતિ મુજબ લેવાશે. તેમણે જણાવ્યું કે, ૧૮ મેએ રાજ્ય સરકારે પરીક્ષાને લઈ નવા નિયમો અમલી બનાવ્યા છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ જે ક્લાસ ૩ માટે પરીક્ષા લે છે, એમાં ગ્રુપ બનાવવામાં આવ્યા છે ગ્રુપ છ અને ગ્રુપ બી આ પ્રમાણે ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે. ગ્રુપ એમાં ઓફિસ આસિસ્ટન્ટ, કલેક્ટર ઓફિસના ક્લાર્ક, હેડ ક્લાર્ક અને સિનિયર ક્લાર્કનો સમાવેશ થાય છે. જ્યારે ગ્રુપ બીમાં ખાતાના વડાની કચેરીના જુનિયર ક્લાર્કનો સમાવેશ છે.

સીધી ભરતીની પરીક્ષા ૨ તબક્કામાં લેવાશે. પ્રિલિમ પરીક્ષા બંને ગ્રુપ માટે કોમન જ હશે. એમસીક્યુ આધારિત ૧૦૦ ગુણનું પેપર રહેશે. પ્રિલિમના પરિણામ બાદ એ અને બી ગ્રુપની મુખ્ય પરીક્ષા લેવાશે. મેઈન એક્ઝામ માટે ઉમેદવારને એ, બી અથવા બંને ગ્રુપની પસંદગી કરવાની તક આપવામાં આવશે અને ફરીથી ફોર્મ ભરાવવામાં આવશે.

ગ્રુપ બીની મેઈન પરીક્ષા એમસીક્યુ આધારિત હશે. આ પેપર ૨૦૦ માર્ક્સનું હશે તેને ૧૨૦ મિનિટમાં પૂર્ણ કરવાનું રહેશે. ગ્રુપ એ માટે વર્ણાત્મક ત્રણ પેપર આપવાના રહેશે. ગુજરાતીનું ૧૦૦ માર્ક્સ, અંગ્રેજી ૧૦૦ માર્ક અને જનરલ સ્ટડી ૧૫૦ માર્ક્સનું રહેશે. આ પસંદગી યાદી બન્યા બાદ ગ્રુપ છ અને ૠ માટે ઉમેદવારનો નિમણૂક માટેના ભલામણ પત્રો આપવામાં આવશે. સૌથી મહત્વની વાત એ છે કે, આમાં વેઈટિંગ લિસ્ટ બનાવવામાં આવશે નહીં અને આ વખતે દરેક કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની છે. પરીક્ષામાં જે ઉમેદવાર હાજર રહેનારા ઉમેદવારોને પરીક્ષા ફી રિફન્ડ આપવામાં આવશે.

મુખ્યમંત્રી દ્વારા GNFCની કોફી ટેબલ બૂક 'ગ્રોથ ધેટ ટચિસ લાઈવ્સ'નું વિમોચન

ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસ પ્રેરિત રાજનીતિએ, ડેવલોપમેન્ટ ડ્રીવન પોલિટિક્સે પોઝિટીવ રિઝલ્ટ આપ્યાં છે. વડાપ્રધાનશ્રીએ છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચે અને સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ સાકાર થાય તેવી દિશા ચીંધી છે. ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ્સ લિમિટેડે એ દિશામાં ચાલી પોતાના ગ્રોથ-વિકાસનો લાભ મહત્તમ લોકો સુધી પહોંચાડ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ્સ લિમિટેડ-GNFCની કોફી ટેબલ બૂક 'ગ્રોથ ધેટ ટચિસ લાઈવ્સ'નું વિમોચન ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે કર્યુ હતું. વડાપ્રધાનશ્રીએ કરાવેલી ૧૦૦ ટકા નીમ કોટેડ યુરિયાની પહેલનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ GNFCને સ્વસહાય જુથની મહિલા દ્વારા નીમ સીડ કલેક્શન અને નીમ ઓઈલ ઉત્પાદનની પ્રવૃત્તિને વધુ વ્યાપક બનાવવાનું સૂચન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ GNFCની ૪૭ વર્ષની વિકાસ યાત્રા ગ્રોથ સ્ટોરીને બિરદાવી હતી. ગુજરાતની કુલ જરૂરિયાતનું ૨૦ ટકા યુરિયા GNFC દ્વારા પુરૂં પાડવામાં આવે છે.

ગત નાણાકીય વર્ષે GNFC દ્વારા શેરધારકોને હાઈએસ્ટ ડિવીડન્ડ આપવામાં આવ્યું છે, ઉપરાંત GNFC એ હાઈએસ્ટ રેવન્યુ જનરેટ કર્યુ છે.

સુરતમાં દવાના લેવાયેલા મોટા ભાગના સેમ્પલ ફેઈલ આવ્યા

ઉનાળાની શરૂઆત થતાંની સાથે સુરત આરોગ્ય વિભાગ દ્વારા અલગ-અલગ પ્રકારનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે

સુરત, તા.૨૩

સુરત આરોગ્ય વિભાગ દ્વારા ખાસ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે અને ખાવાપીવાની વસ્તુઓમાં મિલાવટ છે કે નહીં? તેનું ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. આવામાં સુરતમાંથી લેવામાં આવેલા મોટાભાગના સેમ્પલ ફેઈલ થઈ ગયા છે. આવી વસ્તુઓ સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થતી હોય છે. સારી તંદુરસ્તી માટે લેવામાં આવતી દવામાં પણ મિલાવટ હોવાનું સામે આવતા હવે સુરત આરોગ્ય વિભાગે આ મામલે કાર્યવાહી શરૂ કરી છે. ઉનાળાની શરૂઆત થતાંની સાથે સુરત આરોગ્ય વિભાગ દ્વારા અલગ-અલગ પ્રકારનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ઉનાળામાં ભરવામાં આવતા મસાલા, મરચું, હળદર, પનીર, ચીઝ વગેરે વસ્તુઓના સેમ્પલ લેવામાં આવતાં તેની ગુણવત્તા ઓછી હોવાની અથવા મિલાવટ જોવા મળી હતી. જેને લઈને કાર્યવાહી તો કરવામાં આવી હતી, પરંતુ આવી તમામ વસ્તુઓ સ્વાસ્થ્ય માટે હાનિકારક હોવાની વાત સામે આવી છે. આટલું જ નહીં, તંદુરસ્તી માટે લેવામાં આવતી પ્રોટિન, વિટામીનની દવાઓમાં પણ મિલાવટ હોવાની ફરિયાદો સતત આરોગ્ય વિભાગને મળી હતી. જેને લઈને આરોગ્ય વિભાગે સુરતના નવ જેટલા ઝોનમાંથી ૧૮ જેટલી દુકાનોમાંથી સેમ્પલ લીધા હતા. જેમાંથી ચાર દુકાનોમાંથી લેવામાં આવેલા સેમ્પલ ફેઈલ જતાં હવે આ મામલે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જે દવાઓના સેમ્પલ ફેલ ગયા છે, તેમાં વિટામીનની જેટલી માત્રા હોવી જોઈએ તેના કરતાં ઓછી હોવાની વિગતો સામે આવતા આરોગ્ય વિભાગ દ્વારા તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે.

જેમાં શાહપુરમાં આવેલું આશિષ મેડિકલ, મગોબ ખાતે આવેલું જય અંબે મેડિકલ અને બામરોલી ખાતે આવેલું એચએસ એન્ટરપ્રાઈઝમાંથી લેવામાં આવેલા પ્રોટીન અને વિટામીનના સેમ્પલ ફેઈલ જણાતા તેની વિરુદ્ધ કાર્યવાહીની શરૂઆત આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી છે.

ભગવાન જગન્નાથજીની પરંપરાગત રથયાત્રા અમદાવાદમાં પરિભ્રમણ કરવાની છે ત્યારે તેની તૈયારીઓ અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી છે. જે અંતર્ગત શાહપુર રંગીલા પોલીસ ચોકીથી રથયાત્રાના રૂટ પર પોલીસ પેટ્રોલીંગ કરવામાં આવ્યુ હતુ તો રથયાત્રામાં અખાડાની સાથે માર્સલ આર્ટ પણ સામેલ થવાનુ છે જેની પ્રેક્ટિસ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી.

મોદીની ડીગ્રીના વિવાદમાં કેજરીવાલ અને સંજય સિંહને કોર્ટનું સમન્સ

અમદાવાદ, તા.૨૩

પીએમનરેન્દ્ર મોદીની ડિગ્રી વિવાદમાં દંડ ફટકાર્યા બાદ અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓનો અંત આવ્યો નથી. અમદાવાદની મેટ્રોપોલિટન કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને સાંસદ સંજય સિંહને સમન્સ પાઠવ્યા છે. બંનેને ૭ જૂને કોર્ટમાં હાજર થવાનું રહેશે. આ પહેલા કોર્ટે કેજરીવાલ પર ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. અરજીકર્તાના વકીલ અમિત નાયકે કહ્યું, ૧૫ એપ્રિલે કોર્ટે બંને નેતાઓને કોર્ટમાં હાજર થવા કહ્યું હતું. આજે તે અંગેની તારીખ હતી જજે આદેશ આપ્યો છે કે નવેસરથી સમન્સ જારી કરવામાં આવે છે. સુનાવણીની તારીખ ૭ જૂન થશે.

રિવરફ્રન્ટ : ૪૯ પ્લોટ વેચાણ માટે મૂક્યાં પણ એક પણ ખરીદાર નહીં

હજુ સુધી ૪૯ પ્લોટોની બેઝ પ્રાઇઝ નક્કી પણ કરી શકાઇ નથી : સાબરમતી રિવરફ્રન્ટ બન્યાને ૧૮ વર્ષ જેટલો સમય વીતી ગયો, છતાં ૪૯ પ્લોટનું વેચાણ કે ગગનચુંબી ઇમારતો બનવાનું તો દૂર

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ શહેર અને સમગ્ર ગુજરાત માટે લેન્ડ માર્ક બનેલા સાબરમતી રિવરફ્રન્ટ પર રહેલી જમીન માટે કોઇ ખરીદાર મળતો નથી. અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ જ્યારે તૈયાર કરાયો હતો. તે સમયે નક્કી કરાયું હતું કે, રિવરફ્રન્ટ આસપાસ રહેલી જમીન ખાનગી કંપનીઓ વેચવામાં આવશે. અહીં ગગનચુંબી ઈમારતો બનશે અને સાબરમતી રિવરફ્રન્ટનો નજારો બદલાશે. પરંતુ આજે ૧૮ વર્ષ પસાર થયા છતાં ૪૯ પ્લોટનું વેચાણ કે ગગનચુંબી ઈમારતો બનવાનું તો દૂરની વાતો છે. પરંતુ હજુ સુધી ૪૯ પ્લોટોની બેઝ પ્રાઈઝ નક્કી પણ કરી શકાઈ નથી. આ મુદ્દે વિપક્ષ નેતા શહેજાદ ખાન પઠાણે જણાવ્યું હતું કે, સાબરમતી રિવરફ્રન્ટ બન્યાને ૧૮ વર્ષ જેટલો સમય વીતી ગયો છે, છતાં રિવરફ્રન્ટ દ્વારા ૪૯ જેટલા મોટા પ્લોટ્સ પાડેલ છે. પરંતુ તે પ્લોટ્સ પૈકી સત્તાધારી ભાજપના શાસકો રાજકીય કારણોસર એક પણ પ્લોટનું વેચાણ કરી શક્યાં નથી. રિવરફ્રન્ટ બનાવવા પાછળ આજ સુધીમાં કરોડોનો ખર્ચ થયો છે. પરંતુ રિવરફ્રન્ટ પ્રોજેકટમાંથી કોઈ આવક થઈ નથી, હજુ પણ કરોડોનો વધુ ખર્ચ થવાનો અંદાજ છે. એક તરફ મ્યુ.કોર્પોની નાણાંકીય પરિસ્થિતિ કથળી છે અને બીજી તરફ હાલમાં પ્રોજેકટના કામ માટે નાણાંની જરૂરિયાત ઉભી થઈ છે. જેથી મ્યુ.કોર્પોને લોન લેવાની નોબત આવી છે. જેનો બોજો મ્યુ.કોર્પો પર પડશે. જેને કારણે મ્યુ.કોર્પોને વ્યાજનું દર વર્ષે કરોડો રૂપિયાનું આર્થિક ભારણ વેઠવું પડે છે. તેની સીધી અસર પ્રાથમિક સુવિધા પર પડે તે સ્વાભાવિક છે. સત્તાધારી ભાજપ દ્વારા રિવરફ્રન્ટ પર ગગનચુંબી ઈમારતો બનવાથી અમદાવાદ શહેર મેનહટન સીટી જેવું બનશે જેવી પોકળ વાતો કરેલ, પરંતુ સત્તાધારી ભાજપના રાજકીય આંતિરક વિવાદોનો ભોગ પ્રજા બને છે. સત્તાધારી ભાજપ દ્વારા આજદિન સુધીમાં રિવરફ્રન્ટ પર એકપણ સ્કાયસ્ક્રેપર બિલ્ડીંગ બનાવી શકાય તે બાબતે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરી નથી. વધુમાં વિપક્ષ નેતા શહેજાદ ખાન પઠાણે જણાવ્યું હતું કે, રિવરફ્રન્ટ માટે સિક્યુરિટી ગાર્ડ સપ્લાય કરવા બાબતે પેન્થર સર્વેલન્સ પ્રા. લિ.ને કોન્ટ્રાકટ આપેલ છે. તે એજન્સી દ્વારા ૩૮૩ જેટલા સિક્યુરિટી ગાર્ડ સપ્લાય કરવામાં આવેલ છે. તેને દર વર્ષે ૯.૦૦ કરોડ જેટલી માતબર રકમ ચૂકવવામાં આવે છે. તેમ છતાં રિવરફ્રન્ટ વિસ્તારમાં ચોરી, છેડતી, ગુનાખોરી અને ખાસ કરીને ડ્રગ્સનું વેચાણ અને સેવન પણ થાય છે. દિન-પ્રતિદિન ગેરકાયદે પ્રવૃતિ વધતી જાય છે. જેથી સીક્યુરીટી એજન્સી નિષ્ફળ ગઈ છે, તેવું પુરવાર થાય છે. જેથી આ એજન્સીને તાકીદે દૂર કરી એક્સ આર્મી મેનને સિક્યુરિટી તરીકે રાખવામાં આવે તો તેમને આર્થિક મદદ પણ મળી રહે અને ચોરી, છેડતી, ગુનાખોરી અને ખાસ કરીને ડ્રગ્સનું વેચાણ અને સેવન જેવી ગેરકાયદેસર પ્રવૃતિ થતી રોકી શકાય, આ માટે એક્સ આર્મી મેનને સિક્યુરિટી તરીકે રાખવાની માંગણી કરી છે. સાબરમતી રિવરફ્રન્ટ લિ. દ્વારા સ્પોર્ટસ કોમ્પલેક્ષ કરોડોના ખર્ચે બનાવેલ છે, પરંતુ નવાઈજનક બાબત તો એ છે કે તે તૈયાર થયાને લાંબો સમય વીતી જવા છતાં ભાજપના આંતરિક વિવાદોને કારણે તેનું લોકાપર્ણ થઈ શક્યું નથી. તૈયાર થઈ ગયેલા સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ઉદ્ઘાટન કરવાનો ભાજપના સત્તાધીશોને સમય પણ મળતો નથી અને પ્રજાને તેનો લાભ મળી શકતો નથી.

વાપીના ડુંગરી ફળિયામાં આગથી ૧૦થી વધુ ગોડાઉન બળીને ખાક

ભંગારના ગોડાઉનમાં આગ લાગ્યા બાદ વધુ વિકરાળ બનતા વધુ ગોડાઉન લપેટમાં

વાપી, તા.૨૩

વાપીના ડુંગરા વિસ્તારમાં એક ભંગાર ગોડાઉનમાં આગના બનાવ બાદ આજે ફરી ડુંગરી ફળિયામાં એક પછી એક ૧૦થી વધુ ગોડાઉનનો આગમાં સ્વાહા થઈ ગયા હતા. આગને પગલે લોકોમાં દોડધામ મચી ગઈ હતી.

વાપીના ડુંગરા ગામે ભંગારના ગોડાઉનમાં આગ સળગી ઉઠ્યા બાદ આજે મંગળવારે ફરી ભંગારના ગોડાઉનોમાં આગ લાગી હતી. જે અંગે મળતિ માહિતિ અનુસાર વાપીના ડુંગરી ફળિયામાં આજે મંગળવારે વહેલી સવારે એક ભંગારના ગોડાઉનમાં આગ લાગ્યા બાદ આગ વધુ વિકરાળ બનતા આજુબાજુમાં આવેલા ૯થી વધુ ગોડાઉન લપેટમાં આવી ગયા હતા. ઘટનાને પગલે આસપાસમાં રહેતા લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. આ લાગ્ય બાદ ગોડાઉન માલિક હાજર રહ્યા ન હતા. ગોડાઉન નજીક ખુલ્લી જગ્યામાં ઠાલવેલા કેમિકલ વેસ્ટનો જથ્થો પણ સળગી ગયો હતો. આગને પગલે વાપી પાલિકા, નોટિફાઈડ સહિતના વિસ્તારના બંબા ઘટના સ્થળે પહોંચી ગયા હતા. લાશકરોએ લગભગ ૧ લાખ લીટરથી વધુ પાણીનો છંટકાવ કરી આગને કાબુમાં લીધી હતી. પોલીસ પણ સ્થળ પર દોડી ગઈ હતી. ગોડાઉન માલિકો પૈકી એક માલિક સ્થળ પર પહોંચ્યો હતો. ભંગારના ગોડાઉનોમાં છાસવારે આગના બનાવો બની રહ્યા છે. રહેણાંક વિસ્તારના લોકોના જીવ સામે જોખમ તોળાય રહ્યું. લોકોના આરોગ્ય અને પર્યાવરણને પણ નુકશાન થવા છતા અધિકારી અકળ મૌન સેવી રહ્યા છે.

સોશિયલ મીડિયા ક્રાઈમ આચરનારા ૧૪ લોકોની અંતે અટકાયત કરાઈ

હથિયારો સહિત અનેક સ્ટંટ વિડીયો મૂકનારા યુવાનોની ઓળખ કરીને તેમને પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યા હતા

રાજકોટ, તા.૨૩

ફોલોઅર્સ વધારવા અને સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરનો ટેગ મેળવવા માટે યુવાનો સોશિયલ મીડિયા પર હથિયારો સાથેના અને બાઈક સ્ટંટ વિડીયો પોસ્ટ અને વિડીયો શેર કરી રહ્યા છે. જો કે, આવા લોકોએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવા અંગે સાવધાની રાખવી જોઈએ, કારણ કે પોલીસ ઓફેન્સિવ કેટેગરીમાં આવતી પોસ્ટ પર સાયબર પોલીસ સતત નજર રાખી રહી છે. આ મામલે જામનગર સાયબર ક્રાઈમે છેલ્લા બે દિવસમાં મોટરસાઈકલ પર ખતરનાક સ્ટંટ કરવા, બંદૂક કે તલવાર સાથે પોઝ આપવા, ધારદાર હથિયાર ચલાવવા અથવા તો રમકડાની બંદૂક સાથે પોઝ આપવા જેવી અપમાનજનક પોસ્ટ માટે છેલ્લા બે દિવસમાં ૧૪ લોકોની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાયબર ક્રાઈમ અનુસાર યુવાનો ફોલોઅર્સ વધારવા અને સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર ટેગ મેળવવા માટે વધુ સ્ટંટ વિડીયો પોસ્ટ કરી રહ્યાં છે. યંગસ્ટર્સ ડુપ્લિકેટ રિવોલ્વર અને એરગન સાથે ડિસ્કલેમર વગર પોઝ આપતા જોવા મળી રહ્યા છે. પોલીસે કહ્યું કે આવી હરકતો ડરામણી માનવામાં આવે છે. પોલીસે અત્યાર સુધી ૧૭ લોકોને સમન્સ મોકલ્યા જેમાંથી ૧૪ની અટકાયત કરી છે. તેમને ૨૪ કલાક સુધી પોલીસ કસ્ટડીમાં રાખ્યા અને તેમને સમજાવ્યું કે તેમની આ હરકતો આર્મ્સ એક્ટ અને મોટર વ્હીકલ એક્ટ સહિતના કેટલાક કાયદાઓનું ઉલ્લંઘન કરી રહી છે. જામનગર પોલીસે અન્ય ૧૨ વ્યક્તિઓની પણ ઓળખ કરી છે જેમની સોશિયલ મીડિયામાં અપમાનજનક પોસ્ટ છે. જોકે, તેઓ ગીર સોમનાથ, રાજકોટ અને કચ્છ જિલ્લાના રહેવાસી છે. તેમને પણ ચેતવણી આપવામાં આવી છે તેવું પોલીસે જણાવ્યું હતું. જામનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી પી ઝાએ જણાવ્યું હતું કે, અન્ય રાજ્યોમાં એવા કિસ્સાઓ છે કે જ્યાં સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર ગેંગ અસ્તિત્વમાં આવી હોય. જેમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બની જાય છે.

પરિણામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ મામલે ઓનલાઈન આવેદન ભરવા માટે પણ શાળાને જાણકારી આપવામાં આવશે. ધો -૧૦ નુ પરિણામ ગુરુવારે જાહેર થયા બાદ શાળાઓમાં પ્રવેશ કાર્યવાહી ધમધમતી થશે. ધો - ૧૦ ના પરિણામના આધારે આગળ શૈક્ષણિક અભ્યાસ માટે લાઈન નિયત કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ પરિણામલક્ષી ઉત્તેજના સાથે હવે વધુ ઉત્સાહી બન્યા છે.

તાકિદ કરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને કામ પૂર્ણ થયા પછીના ફોટાનું જીઓ ટેગીંગ કરવામાં આવે છે. જિલ્લામાં જીઓ ટેગીંગની કામગીરી ૭૧ ટકા જેટલી જ થઈ છે. તેમણે આ કામગીરીમાં ગતિ આવે તે જ પૂરતુ નથી પરંતુ આ માટે મોનીટરીંગની કામગીરી પણ અસરકારક રીતે થાય તે જરૂરી હોવાનું જણાવી ૧૫ જૂન સુધીમાં કામગીરી પૂર્ણ કરવા જણાવ્યુ હતુ.

હોટ ફેવરીટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાહનોની સંખ્યા વધતા માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો પણ બદલાયો છે. જેના અંતે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી પણ મુખ્યમાર્ગો પર વિવિધ જંકશનને અનુલક્ષી ઓવરબ્રિજ તૈયાર કરવાનુ કામ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. એકબાજુ ફાટક મુકત ગુજરાત અન્વયે પણ રેલવે પર બ્રિજ તૈયાર કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રોડ નેટવર્કને અનુલક્ષી ટ્રાફિકની સમસ્યાને પહોંચી વળવા તેમજ રોડ નેટવર્કને વધુ સલામત અને ઝડપી બનાવવા માટે વિવિધ જંકશન પર ઓવરબ્રિજ બાંધવાનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. હાલ એપોલો સર્કલ પર પણ કેબલ સ્ટેડ બ્રિજ બાંધવામાં આવી રહ્યો છે. જયારે રક્ષા શકિત સર્કલ પર ટ્રાફિકની સમસ્યાને ડામવા માટે નવો ઓવર બ્રિજ તૈયાર કરી દેવાયો છે. એક કીલોમીટરના વિસ્તારમાં સિકસલેન બ્રિજ તૈયાર કરવા માટે અંદાજિત રૂ ૫૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ બ્રિજ નિર્માણના લીધે હવે આગામી દિવસોમાં ટ્રાફિક જામમાંથી વાહનચાલકોને છુટકારો મળશે જયારે રીલાયન્સ ચોકડીથી ગીફટ સીટી તરફ જતા રીંગ રોડનો ટ્રાફિક ઉપરાંત ગાંધીનગર અમદાવાદ અને કોબા એરપોર્ટ ચાંદખેડા રૂટમાંથી આવતા ટ્રાફિકની આ જંકશન પર વિશેષ અવરજવર રહે છે. જયારે અત્યાર સુધી બ્રિજના અભાવે રોજબરોજ ટ્રાફિક જામ વચ્ચે વાહનચાલકો પરેશાની વેઠવી પડતી હતી જયારે બ્રિજના અંતે હવે વાહન વ્યવહારની અવરજવર સરળ બનશે પરંતુ છેલ્લા બે મહીનાથી તૈયાર આ બ્રિજના લોકાર્પણનુ મુહુર્ત આવતુ નથી અગાઉ કરોડો રૂપિયાના કામોને અનુલક્ષી લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો ત્યારે આ બ્રિજનુ પણ ખુલ્લો મુકી દેવાશે તેમ મનાઈ રહ્યુ હતુ પરંતુ એક યા બીજા કારણોસર હજુ સુધી બ્રિજ લોકઉપયોગી બન્યો નથી. તો બીજીતરફ હાલ આ બ્રિજ સેલ્ફી પોઈન્ટ બની ગયો છે. વાહનચાલકોની અવરજવરના અભાવે સેલ્ફી લવર્સ માટે આ બ્રિજ સેલ્ફી ખેંચવા માટે હોટ ફેવરીટ બનતો જાય છે. જયારે ઉપયોગના અભાવે મોડી સાંજે પણ આ ઠેકાણે યુવક યુવતિઓ માટે ટહેલવાનુ સ્થાન બન્યો છે. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા આ બ્રિજના નિર્માણ બાદ લાંબા સમયથી બિન ઉપયોગી રહેલા આ બ્રિજનુ ઝડપથી લોકાર્પણ કરી આમ નાગરિકોના ઉપયોગમાં આવે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે.

ભથ્થુ વધાર્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળવાપાત્ર થશે, તેવું પણ નિયત કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય અનુસાર રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા રાજ્ય સરકારના અન્ય કર્મચારીઓ અને પેન્શનર્સ મળી અંદાજે કુલ ૯.૩૮ લાખ લોકોને મોંઘવારી ભથ્થાનો આ વધારાનો લાભ મળશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે તા-૦૧-૦૭-૨૦૨૨ તથા તા.૦૧-૦૧-૨૦૨૩ની અસરથી આપવાના થતા મોંઘવારી ભથ્થામાં આ આઠ ટકા વધારાથી જે એરિયર્સની રકમ આપવાની થાય છે, તે ત્રણ હપ્તામાં આપવાનો નિર્ણય કર્યો છે.

તદઅનુસાર, તફાવતની રકમનો પ્રથમ હપ્તો જૂન-૨૦૨૩ના પગાર સાથે, બીજો હપ્તો ઓગસ્ટ-૨૦૨૩ના પગાર સાથે અને ત્રીજો હપ્તો ઓકટોબર-૨૦૨૩ના પગાર સાથે ચૂકવવામાં આવશે. મોંઘવારી ભથ્થાના આ વધારાના પરિણામે રાજ્ય સરકારને અંદાજે વાર્ષિક રૂપિયા ૪,૫૧૬ કરોડનું નાણાકીય ભારણ વધશે......

મોદી છવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનની શરૂઆત નમસ્તે ઓસ્ટ્રેલિયાથી કરી હતી. તેમણે કહ્યું હતું કે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અને મારા પ્રિય મિત્ર એન્થની અલ્બનીસ, પૂર્વ પીએમ સ્કોટ મોરિસન, વિદેશ મંત્રી, ઊર્જા મંત્રી, વિપક્ષના નેતા, તમામ સભ્યો અને ઓસ્ટ્રેલિયાના તમામ લોકો જે આ વિશાળ સંખ્યામાં અહીં પહોંચ્યા છે તેમને હું નમસ્કાર કરું છું. ઓસ્ટ્રેલિયાની સ્ટ્રીટ મને ભારતની ગલીઓની યાદ અપાવે છે. મેં સાંભળ્યું છે કે અહીં સિડનીમાં પણ લખનઉ નામનું સ્થળ છે. ઓસ્ટ્રેલિયાના દિલમાં પહેલાથી જ ભારત માટે અનોખો પ્રેમ છે.

પીએમ મોદીએ કહ્યું, 'આ વર્ષે મને અમદાવાદમાં ભારતની ધરતી પર વડાપ્રધાન એન્થોની અલ્બેનિસનું સ્વાગત કરવાની તક મળી. આજે તેમણે અહીં 'લિટલ ઈન્ડિયા'ના શિલાન્યાસના અનાવરણમાં મારો સાથ આપ્યો છે. પીએમએ કહ્યું, પરસ્પર વિશ્વાસ અને પરસ્પર સન્માન માત્ર ભારત-ઓસ્ટ્રેલિયાના રાજદ્વારી સંબંધોથી જ વિકસિત નથી થયા. આનું સાચું એન્થોની અલ્બેનિસે સિડનીમાં મોદીની ખૂબ પ્રશંસા કરી હતી. અલ્બેનિસે કહ્યું, 'છેલ્લી વખત મેં આ સ્ટેજ પર બ્રુસ સ્પ્રિન્ગસ્ટીનને જોયા હતા અને વડાપ્રધાન મોદીને જે આવકાર મળ્યો હતો તેવો તેમને મળ્યો નહોતો. વડાપ્રધાન મોદી બોસ છે! આ દરમિયાન સ્ટેડિયમ મોદી-મોદીના નારાથી ગુંજી ઉઠ્યું હતું.

મતદાર યાદીમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓએ જણાવ્યું હતું કે જન્મ અને મૃત્યુની નોંધણી અધિનિયમ, ૧૯૬૯ માં સુધારો કરવા માટેનું બિલ, ડ્રાઈવિંગ લાઈસન્સ અને પાસપોર્ટ જારી કરવા, લોકોને સરકારી કલ્યાણ યોજનાઓનો લાભ આપવા વગેરે સંબંધિત બાબતોને પણ સરળ બનાવશે. શાહે જણાવ્યું હતું કે, જો જન્મ અને મૃત્યુ પ્રમાણપત્રના ડેટાને વિશેષ રીતે સાચવવામાં આવે તો વસ્તી ગણતરી વચ્ચેના સમયનો અંદાજ લગાવીને વિકાસના કામોનું આયોજન યોગ્ય રીતે કરી શકાય છે.

અમદાવાદમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરતા વેપારીઓને આખરે દંડ કરાયો

તમામ વોર્ડમાં જાહેરમાં કચરો નાખી ન્યુસન્સ કરતા એકમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે

અમદાવાદ, તા.૨૩

મહાનગર પાલિકાના સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા જાહેર રસ્તા પર ગંદકી કરતા અને ન્યુસન્સ કરતા એકમ વિરુદ્ધ સખ્ત કાર્યવાહી કરવામાં આવી રહી છે. સોલિડ વેસ્ટ વિભાગ તમામ વોર્ડમાં માર્ગો પર ગંદકી અને ન્યુસન્સ કરતા ધંધાકીય એકમો તેમજ પાન ગલ્લા, ચાની કિટલી, પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ, વેચાણ સંગ્રહ, ઉત્પાદન કરતા તથા ધંધાકીય એકમમાં ડસ્ટબિન ન રાખતા એકમો સામે કાર્યવાહી મુહીમ ચાલી રહી છે. જીપીએમસી એક્ટ અને પબ્લિક હેલ્થ બાયલોઝ મુજબ સઘન કામગીરી અંતર્ગત જૂદા જૂદા વોર્ડમાં મુખ્ય વિસ્તારમાં ખાતે જાહેર માર્ગો પર ગંદકી અને ન્યુસન્સ કરતા ધંધાકિય એકમનો નોટિસ આપી હતી. તમામ વોર્ડમાં જાહેરમાં કચરો નાખી ન્યુસન્સ કરતા એકમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. અમદાવાદ શહેરના ઉત્તર પશ્ચિમ ઝોન સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા ચેકીગ દરમિયાન જાહેર રસ્તા પર ગંદકી કરતા બે એકમ સીલ કરાયા છે. ચાંદલોડિયા વોર્ડમાં આવેલા બજરંગ ડેરી પાર્લર અને ઘાટલોડિયા વોર્ડમાં આવેલ વિણા ફેશન એકમને સીલ કરવામાં આવ્યુ છે. ઉત્તર પશ્ચિમ ઝોન દ્વારા ૫૮ એકમો તપાસતા આ પ્રકારના કૃત્ય બદલ ૨૯ નોટિસ ઈશ્યુ કરી ૩ કિગ્રા પ્લાસ્ટીક જથ્થો જપ્ત કરી રૂપિયા ૩૩ હજાર દંડ વસુલ કરાયો હતો. અમદાવાદ શહેર સ્વચ્છતા અંકમા સૌથી અગ્રેસર રહે અને સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમ આયોજીત કરવામાં આવી રહ્યા છે. તેમ છતા અનેક એકમો દ્વારા એએમસીના સ્વચ્છતા અભિયાનું ઉલ્લઘન તેમજ સ્વચ્છતાના નિયમ વિરૂદ્ધ જઈ કામ કરનાર એક સામે એએમસી સોલિડ વેસ્ટ વિભાગ લાલ આંખ કરી છે.